| | | | |
|---|---|---|---|
| GJAR030003102025 | | રજુ તારીખ : | ૧૨–૦૫–૨૦૨૫ |
| | | દાખલ તારીખ : | ૧૨–૦૫–૨૦૨૫ |
| | | ફેસલ તારીખ : | ૧૪–૦૬–૨૦૨૬ |
| | | **સમય ગાળો :** | **વર્ષ–માસ–દિવસ**<br>૦૧ – ૦૫ – ૦૨ |

## ભિલોડાના મે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ.ભિલોડા, જી.અરવલ્લી – મોડાસા

**ફોજદારી કેસ નં. ૨૧૮/૨૦૨૫**

**આંક – ૨૯**

**–:: ફોર્મ–એ ::–**

| | |
|---|---|
| **જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ, ભિલોડા – અરવલ્લી**<br>હુકમની તારીખ:–૩૦–૦૬–૨૦૨૬<br>**ફોજદારી કેસ નંબર:૨૧૮/૨૦૨૫** | |
| પોલીસ સ્ટેશન | શામળાજી પો.સ્ટે.ગુ.રજી.નં. ૦૦૩૬/૨૦૨૫ |
| ગુન્હો | ધી ગુજરાત પ્રોહી એકટ કલમ– ૬૫(એ)(એ), મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| **ફરીયાદી તર્ફે** | વિ.એ.પી.પી.શ્રી : કે.એમ.સિસોદિયા દ્વારા |
| **–:: વિરૂધ્ધ::–** | |
| આરોપી | **રમેશભાઇ નાથાભાઇ ડામોર ,**<br>**મુળ રહે.પંચાલ તા.મેઘરજ જી.અરવલ્લી હાલ રહે. મોડાસા મકાન નં.૦૫ પારસ સોસાયટી તા.મોડાસા જી.અરવલ્લી** |
| **આરોપીઓ તર્ફે** | વિ.વકીલ શ્રી : એસ. કે. ખરાડી |

**–:: ફોર્મ – બી ::–**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૨૦/૦૧/૨૦૨૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૧૨/૦૨/૨૦૨૫ |

| | |
|---|---|
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૧૨/૦૨/૨૦૨૫ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૧૨/૦૨/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | તા.૦૧/૦૭/૨૦૨૫ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૧૮/૦૬/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૧૪/૦૭/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | -- |

## -:: આરોપીની વિગત ::-

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૧) |
| આરોપીનું નામ | રમેશભાઇ નાથાભાઇ ડામોર , |
| ધરપકડ કર્યા તારીખ | તા.૨૦/૦૧/૨૦૨૫ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૧૮/૦૩/૨૦૨૫ |
| કયો ગુન્હો નોંધાયેલ | ધી ગુજરાત પ્રોહી એકટ કલમ- ૬૫(એ)(એ), મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ છે | છોડી મુકેલ છે. |
| સજા કર્યાની વિગત | -- |
| ક્રિમિનલ પ્રોસીઝર કોડ ની કલમ ૪૮૨ મુજબ - ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમાં રહેલ સમય | -- |

## -:: ફોર્મ - સી ::-

**એ – ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :-**

| ક્રમ | સાહેદના નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| (૧) | અશ્વનીભાઇ નાનજીભાઇ ખરાડી | પંચસાહેદ | ૧૬ |
| (૨) | ઇશ્વરસિંહ દોલતસિંહ | ફરીયાદી /આઇ.ઓ. | ૨૨ |

**બી– આરોપી પક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.**

**સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.**

**એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–**

| **ક્રમ** | **આંક તથા સાહેદ નંબર જેમા દસ્તાવેજ રજુ થયેલ છે.** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ૧૭ (ફ. સાહેદ નં. ૨) | પંચનામું |
| ૨. | ૨૩ (ફ.સાહેદ નં.૬) | ફરીયાદ |
| ૩. | ૨૪(ફ.સાહેદ નં.૬) | ડેપ્યુટ હુકમ |

**બી– બચાવ પણ દવારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**સી– અદાલત વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**ડી– અધલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વાર્ણન :– નથી.**

## – :: ચુકાદો :: –

(૧) **ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે,** આરોપીએ ગઈ તા.૨૦/૦૧/૨૫ ના કલાક. ૧૨/૦૦ વાગે મોજે જાબચીતરીયા ગામે આ કામના આરોપીઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામા વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો મેગડોર નંબર.૨૧ ઓરીજનલ કાચની ૭૫૦ એમ.એલની સીલબંધ માકા"ની જેના ઉપર ફોર સેલ રાજસ્થાન લખેલ છુટી બોટલ નંગ.૧૨ જેની એક બોટલની કિમત રૂ.૫૮૫ લેખે ૧૨ બોટલની કિમત રૂ.૭૦૨૦/– નો પ્રાવેટ સાધનમા કમાન્ડર જીપના કહેરા ઉપર પ્લાસ્ટીકના કોથળામા ઘઉના ભુસામા ભરી લઈ આવીનો લઈ આવી મળી આવી પકડાઈ ગુન્હો કર્યા વી. બાબત ધી ગુજરાત પ્રોહિ એકટની કલમ–૬૫(એ)(એ), મુજબનો ગુન્હો કરેલ છે. જે બાબતની ફરીયાદ ફરીયાદી એ શામળાજી પો.સ્ટે.ગુ.

રજી.નં.૦૦૩૬/૨૦૨૫ તા.૨૦/૦૧/૨૫ થી જાહેર કરેલ છે. ત્યાર બાદ તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબ નું ચાર્જશીટ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.

(૨) માનનીય નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં **R/CRIMINAL MISC. APPLICATION NO. 8892 of 2018** ના ચુકાદાના પેરા નં.૧૦માં એવું ઠરાવવામાં આવેલ છે કે, "The result of the above discussion is that : (01) by repeal of Section 115, the Magistrate is not denuded of his jurisdiction to try the case" ધ્યાને રાખી આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુન્હા સંબંધી ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ચાર્જશીટ બાદ આરોપીને ધોરણસર સમન્સની બજવણી કરવામાં આવતા આરોપી અદાલતમાં હાજર થયેલા. આરોપીને બી.એન.એસ.એસની કલમ – ૨૩૦ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી અને ગુના વિશે સમજ કરી, આંક – ૦૬ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તથા આંક – ૦૭ થી  આરોપની પ્લી નોંધતા આરોપી દ્વારા ગુનો કર્યાનો ઈન્કાર કરતા ફરિયાદ પક્ષે ઉપરોક્ત ફોર્મ સી – હેઠળ દર્શાવેલ સાહેદી અને દસ્તાવેજી પુરાવા રજુ કરલે છે.

(૩) બાદ, ફરિયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ વિશેષ પુરાવો રજુ થયેલ નથી. વધુમાં, એવીડન્સ એકટ ની, **Section 134, "No particular number of witness shall be required for proof of any fact in the case.**" તથા, **સતીષ મહેરા વી. દિલ્હીની એડમીનીસ્ટ્રેટીવ (કાઈમસ) ૧૯૯૬ (૩) એસ.સી. પાના નં. ૮૫ માં નામદાર સર્વોચ્ચ અદાલત એવું ઠરાવેલ છે કે,** જયારે ફરિયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્યાને લેતા અન્ય પુરાવા નોંધવો યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતું ન હોઈ તો તેવા સંજોગોમાં કોર્ટનો કીમતી સમય અને નાણાનો વ્યય ન થાય તેથી આગળ પુરાવો લેવો જોઈએ નહી. જેથી સદર કામે તમામ સંજોગો ધ્યાને લેતા અન્ય પુરાવો નોધવો વાજબી અને યોગ્ય જણાઈ આવતું ન હોઈ ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરી આગળની કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) આ કામે આરોપી વિરુદ્ધ પુરતા પુરાવા હોવાથી બી.એન.એસ.એસ ની કલમ – ૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેની સામેના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી, તેઓ નિર્દોષ છે. આરોપી વિરુદ્ધ ખોટો કેસ કરેલ છે.

(૫) ત્યાર બાદ ફરીયાદ પક્ષે વી.એપીપીશ્રી દ્વારા દલીલ કરલે છે કે, સદર કામે, પંચ દ્વારા ફરિયાદ પક્ષેની હકીકતોને સમર્થન કરેલ છે, અને પંચની હાજરીમાં આરોપીના પ્રયતક્ષ કબ્જામાંથી મુદામાલ કબજે લીધેલ છે અને, આરોપીએ તે દારૂ પોતાનો હોવાનું માથે લીધેલ હતું. વધુમાં, બ્રાન્ડેડ દારૂની બોટલ હોઈ જેથી તેને એફ.એસ.એલ મોકલવાની જરૂર નથી. તથા, ત.ક.અમલદાર દ્વારા પણ આરોપીની પ્રત્યક્ષ કસ્ટડીમાંથી દારુ કબજે કરલે હોવાનું સોગંદરપ પુરાવામાં હકીકતમાં જાહેર કરલે છે. જેથી આરોપી વગર પાસ પરમીટ સરકારશ્રીની પરવાનગી વગર ગુજરાત રાજ્યમાં પોતાના આર્થિક હેતુ દારૂની ખેપ કરતા હોવાનું પુરવાર થયેલ હોઈ આરોપીને તકસીરવાર ઠરાવી મહત્તમ સજા અને, દંડ કરવા અરજ કરલે છે. **જયારે, આરોપી પક્ષે વિ.વ.શ્રીની દલીલોમાં મુખ્ય રજૂઆત છે કે,** પંચ સ્વતંત્ર સાક્ષી નથી અને તેઓ, ઉલટ તપાસમાં સ્પસ્ટ જણાવેલ છે કે, તેઓ અવાર નવાર પોલીસ સ્ટેશને જવાનું થતું હોય છે. વધુમાં, તેઓના મોટાભાઈ શામળાજી પો.સ્ટેમાં હોમગાર્ડ તરીકે નોકરી કરે છે. પોલીસે તેઓની રીત પંચ નામું લખેલું. વધુમાં, આરોપી તરફે દલીલ છે કે, મુદામાલ દારૂ કબજે કર્યા અંગે કોઈ એફ.એસ.એલ રીપોર્ટ કરાવેલ નથી અને કોઈ મુદામાલ ની ખરાઈ કોર્ટ રૂબરૂ કરવામાં આવેલ નથી. વધુમાં, હાલના આરોપી કેહવાતી જે કમાન્ડર જીપમાં મુસાફરી કરતા હતા તે ગાડીના માલિક ડ્રાઈવર કે, તેમાં બેઠેલ અન્ય પેસેન્જરને તપાસના કામે પંચમાં કે, સાહેદ તરીકે નિવેદન લીધેલ નથી. જેથી સમગ્ર બનાવ ખોટો અને રાજકીય વગ થી ઉભો કરલે છે કારણ કે, આરોપી તેઓના ગામના અને સમાજના આગળ પડતા અને મોભાદાર ઈસમ છે અને, તેઓ રાજકીય રીતે સફળ ગામના આગેવાન હોઈ અને, યુવાન નેતા હોઈ ખોટી રીતે હાલના ગુનામાં તેઓના પોલીટીકલ પ્રોગ્રેસ અટકાવવા અને, ભવિષ્યમાં ગામના સરપંચ અને તાલુકા

પંચાયત કે જીલ્લા પંચાયતમાં તેઓની ઉમેદવારી નોધાવીના શકે તે હેતુ થી ખોટો કેસ પોલીસની મિલી ભગત થી ઉભો કરવામાં આવેલ છે. જેથી આરોપીની પ્રત્યક્ષ કબ્જા માંથી કેહવાતો દારૂ કબજે થયલ હોવાનું પુરવાર થયેલ નથી. આરોપીની નીર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરલે છે.

(૬) પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુદ્દા :: –**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ એ હકીકત નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા.૨૦/૦૧/૨૫ ના કલાક. ૧૨/૦૦ વાગે મોજે જાબચીતરીયા ગામે આ કામના આરોપીઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામા વગર પાસ પરમીટે ભારતીય બનાવટ નો મેગડોર નં.૨૧ ઓરીજનલ કાચની ૭૫૦ એમ.એલની સીલ બંધ માર્ક"ની જેના ઉપર ફોર સેલ રાજસ્થાન લખેલ છુટી બોટલ નંગ.૧૨ જેની એક બોટલ ની કિ. રૂ. ૫૮૫ લેખે ૧૨ બોટલની કિ. રૂ.૭૦૨૦/– નો પ્રાવેટ સાધનમા કમાન્ડર જીપના કઠેરા ઉપર પ્લાસ્ટીકના કોથળામા ઘઉના ભુસામા ભરી લઇ આવી નો લઇ આવી મળી આવી પકડાઇ ગુન્હો કયા" વી. બાબત ધી ગુજરાત પ્રોહિ એકટની કલમ – ૬૫(એ)(એ), મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં.
(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે :–

**– :: કારણો :: –**

(૮) **મુદ્દા નં.૧, અંગે પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો,** આ કામે ફરીયાદ પક્ષે તેઓના સમર્થનમાં આંક – ૧૬ થી પંચ સાહેદ અશ્વીનભાઇ નાનજીભાઇ ખરાડી નાઓને તપાસવામાં આવેલ છે. આંક – ૧૭ વાળા પંચનામા પંચ નં.૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવી, તથા આરોપીને ઓળખતા હોવાનું જણાવેલ છે, વિશેષમાં પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, મને પંચ તરીકે જાબચીતરિયાથી ઈશ્વરપુરા રોડ ઉપર બોલાવેલ અને તે વખતે પોલીસે એક કમાન્ડર જીપ આવતી હતી જેના ઉપર પ્લાસ્ટિકના ત્રણ કોથળા મુકેલ હતા જે નીચે ઉતારી જોતા તેમાં મેકડોલ્સ નં.૧ કંપની ની રાજસ્થાનની ૧૨ બોટલો હતી જે એક બોટલની કિમંત રૂ. ૫૮૫/– હતી જે જીપગાડી પેસેન્જર ગાડી હતી અને તેમાંથી મળી આવેલ કોથળા બાબતે પૂછતાં તે કોથળા એક ઇસમ કે જેનું નામ રમેશભાઈ નાથાભાઈ ડામોર હતું અને આ કોથળા મારા છે તેવું કહેલું જે અંગેનું પોલીસે પંચનામું કરેલ અને તે વાંચી સંભળાવી પછી તેઓએ સહી કરલે. જે પંચનામું પોલીસે તા.૨૦/૦૧/૨૫ ના રોજ કલાક : ૧૧:૩૦ વાગે બોલાવેલ અને ૧૨ વાગ્યા સુંધી આ પંચનામું કરેલું જે તેઓને વાંચી સમજાવેલ અને પછી તેમાં સહી કરેલી, આ મુદામલા પોલીસ સ્ટેશન લઈ ગયેલી. બાદ ફરિયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં **આંક : ૨૨ થી ફરીયાદી/આઇ.ઓ. ઈશ્વરસ્હિ દોલતસ્હિ, આ.હે.કો.** નાઓને કોર્ટ રૂબરૂ સોગંદ પર તપાસેલ છે તેઓ જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ અમો તથા અ.હે.કો. નરેન્દ્રકુમાર કાન્તીલાલ બ.નં.૫૨ એ રીતેના જાબચીતરીયા ઓપીમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ફરતા ફરતા જાબચીતરીયા ગામે આવતા બાતમી હકિકકત મળેલ કે રાજસ્થાન તરફથી પેસેન્જર કમાન્ડર જીપ ગાડીના કહેરા ઉપર ખાતરના પ્લાસ્ટિકના કોથળામાં ઘઉના ભુસાની આડમાં ઈંગ્લીસ દારૂ લઈને આવે છે જે બાતમી હકિકત આધારે પાંચમહુડી તરફ જતાં રસ્તે નીકળેલા તે દરમિયાન જાબચીતરી ગામથી થોડી દુર સામેથી એક પેસેન્જર કમાન્ડર જીપ ગાડી આવતી હોય જેને ઉભી રખાવેલ અને કહેરા ઉપર જોતાં પ્લાસ્ટિકના ખાતરના ત્રણ કોથળા મુકેલ જણાયેલ જેથી નીચે ઉતારી તપાસ કરતાં ત્રણેય કોથળામાં ઈગ્લીસ દારૂની છુટી બોટલો હોય જેથી હાજર પેસન્જરોને આ પ્લાસિટકના કોથળા કોના છે જે બાબતે પુછતાં

એક ભાઈએ જણાવેલ કે, આ ત્રણેય કોથળા મારા હોવાનુ જણાવેલ જેથી બે પંચના માણસો બોલાવી પંચો રૂબરૂ સદરી ઈસમનુ નામ–ઠામ પુછતાં પોતેપોતાનુ નામ રમેશભાઈ નાથાભાઈ ડામોર. ઉ.વ.૪૦ મુળ રહે, પંચાલ.તા.મેઘરજ.જી.અરવલ્લી, હાલ રહે, મોડાસા પારસ સોસાયટી,મ.નં.પ હોવાનુ જણાવેલ જેથી પંચો રૂબરૂ સદરી ત્રણેય કોથળામાં થી ઈંગ્લીસ દારૂની બોટલો બહાર કાઢી જોતાં ભારત બનાવટની ઈંગ્લીસ દારૂ મેકડો નંબર.૧ ઓરીજનલ કાચની ૭૫૦ મી.લી ની કંપની શીલ બંધ ફોર સેલ રાજસ્થાનની હતી. જે એક બોટલની કિ.રૂ.૫૮૫ લેખે કુલ.૧૨ બોટલની કિ.રૂ.૭૦૨૦/ નો મળી આવેલ જેથી પકડાયેલ ઈસમને દારૂ લાવવા બદલનો પાસ પરમીટ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવેલ. જેથી ઈંગ્લીસ દારૂ કોની પાસેથી લાવેલ અને કોને આપવાનો હતો જે સંબંધે પુછપરછ કરતા પકડાયેલ ઈસમે જણાવેલ કે, આ ઈગલીસ દારુ રાજસ્થાન થી અલગ–અલગ ઠેકા ઉપર થી છુટકમાં લાવેલ હતો અને મોડાસા ખાતે છુટકમાં વેચવાનો જણાવેલ જેથી અત્રે મુદ્દામાલમાં એક સેમ્પલ કાઢીલઈ તથા તેના મોઢીયા ઉપર પંચોની સહી વાળી કાપલી દોરાથી બાંધી લાખથી પો.સ.ઈ. શામળાજીના હોદ્રાનુ પાકુ શીલ કરી લઈ તપાસ અર્થે કબ્જે લેવામાં આવેલ જે મતલબ નું પંચનામુ ક.૧૧:૩૦ થી ૧૨:૦૦ સુધીનુ કરી લેવામાં આવેલ મને આંક–૧૭ વાળુ પંચનામું બતાવવામાં આવે છે તેમાં બે પંચોની તથા રૂબરૂમાં મારી સહી છે અને તેઓને ઓળખુ છુ. જેથી પકડાયેલા આરોપી રમેશભાઈ નાથાભાઈ ડામોર ઉ.વ. ૪૦ નાઓ વિરુદધમાં પ્રોહી કલમ.૬૫ (એ), (એ) મુજબની પો.સ્ટે પી.એસ.ઓ રૂબરુ ફરીયાદ આપેલી મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફીરયાદી તરીકે મારી તથા રૂબરૂ પી એસ.ઓ.એ.એસ.આઈ શ્રી રમેશભાઈ ધુળાભાઈ બ.નં. ૧૭૦ ની સહી છે. જે અસલ ફરીયાદ રજુ દાખલ આંક–.. 23 જે ફરીયાદ આધારે શામળાજી પો.સ્ટે.ગુ.ર.૩૬/૨૫ થી નોંધ કરી આગળની તપાસ અમોને ડેપ્યુટ કરતાં તપાસ અમોએ સંભાળેલી મને અસલ ડેપ્યુટ હુકમ બતાવવામાં આવે છે જેમાં એ.એસ.આઈ શ્રી, રમેશભાઈ ધુળાભાઈ બ.નં.૧૭૦ ની સહી છે જે હું ઓળખુ છુ જે ડેપ્યુટ હુકમ રજુ દાખલ આંક–૨૪. ત્યાર બાદ અમોએ પંચનામા અંગે મુદ્દામાલ પાવતી નં.૧૨/૨૫ ફાડેલ તેમજ અમારી સાથેના સાહેદ નેરન્દ્રકુમાર કાન્તીભાઈ નિવેદન તેમના લખાવ્યા મુજબ લખી

લીધેલા અને આરોપીને ગુન્હાના કામે અટક કરી અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ આરોપીને જોયેથી ઓળખી શકુ બચાવ પક્ષ ઓળખની તકરાર જતી કરેલ છે. **બાદ, બચાવ પક્ષે અહી નોધવું જરૂરી છે, કે તપાસ કરનાર અમલદારની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી પરંતુ, પંચ સાહેદની ઉલટ તપાસ થયેલ છે અને તેમાં પંચ સાહેદ દ્વારા સ્પસ્ટ પણે સ્વીકારેલ છે કે,** મારા મોટા ભાઈ શામળાજી પો.સ્ટેમાં હોમગાર્ડ તરીકે નોકરી કરે છે, મારે અવાર નવાર પોલીસ સ્ટેશને જવાનું થાય છે, પોલીસે એમની રીતે પંચનામું લખેલું મેં પંચનામું વાંચીને સહી કરેલ, બનાવ વાળી જગ્યાએ ઘણા બધા માણસો હતા, મારું ગામ શોભાયડા ચિતરિયા થી ૩૦ કી.મી ના અંતરે આવેલ છે.

(૯) ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા, વધુમાં, બચાવ પક્ષે વકીલશ્રી દ્વાર **નામદાર ગુજરાત હાઈ કોર્ટ નો ચુકાદો દિલીપ સુરેશ સાસી વિરુદ્ધ ગુજરાત રાજ્ય,** માં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ "(1) Panch witness have not supported the prosecution and thereby recovery from the given place is not proved. (2) There is no independent witness except complainant, who is police officer stating stating that liquor was seized form the given place during raid. (3) Presumption U/s. 116 (b) is not proper inasmuch as there is no proof and evidence on record either regarding actual possession of seized liquor from the applicant or quality and quantity of liquor alleged to be seized and even there is no confirmation about the ownership of the place by the applicant, so as to connect the applicant with the place and seizure itself. " પર આધાર રાખલે છે અને, દલીલ કરલે છે કે, ઉપરોક્ત તમામ હકીકતો ફરિયાદ પક્ષે નિશંક પણે પુરવાર કરેલ નથી, સાથે, તેઓની દલીલ છે કે, ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન કરતા ફરિયાદ પક્ષના કેસ અનુસાર જે પંચ સાહેદની હાજરીમાં દારૂ કબજે કરેલ હોવાનુ કથન થયેલ છે, તે પંચ સાહેદોએ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આંક–૧૭ થી રજુ પંચનામાની વિગતે સમર્થન આપેલ છે. પરંતુ, તેઓ પોલીસના માણસ હોઈ અને

આ કામે ફરીયાદી અને તપાસ કરનાર અમલદાર બન્ને એકજ વ્યક્તિહોઈ તે સંજોગોમાં બનાવ ની હકીકત અને પુરાવા શંકાના દાયરામાં અને તપાસ પણ શંકાસ્પદ હોવાનું પુરવાર થયેલ છે, આ તબ્બકે, અહી નામદાર બોમ્બે હાઈ કોર્ટનો ચુકાદો, **Bhagwanbhai Dulabhai Jadhav vs The State Of Maharashtra on** 24 **July,** 1962 : (1962) 64 **BOMLR** 784 **:** ધ્યાને લેવો જરૂરી છે, ના ચુકાદામાં નામદર કોર્ટ દ્વારા પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત ધ્યાને, In view of that provision it is obligatory upon a police officer about to make a search to call upon two or more respectable inhabitants of the locality in which the place to be searched is situate to attend and witness the search. But a motor-car is not a place within the meaning of Sections 102 and 103 of the Code of Criminal Procedure; nor is there anything in the Act by which a motor-ear would be so regarded for purposes of a search. The provisions relating to searches contained in Section 103 of the Code of Criminal Procedure have, therefore, no application and in making a search of a motor vehicle, it was not obligatory upon the police officer to comply with the requirements thereof. This is not, however, to say that the practice which is generally followed by police officers when investigating offences under the Act to keep respectable persons present on the occasion of the search of a suspected person or of a vehicle may be discarded. Even though the statute does not make it obligatory, the police officers wisely carry out the search, if it is possible for them to secure the presence of respectable witnesses, in their presence. This is a healthy practice which leads to cleaner investigation and is a guarantee against the oftrepeated charge against the police officers of planting articles.

**7.** It was strenuously urged by counsel for the appellants that the High Court did not attach sufficient importance to a piece of evidence which strongly militated against the truth of the prosecution case. This piece of evidence, it was contended, related to the ignition key and the luggage compartment key, produced at the trial. As we have already observed, the motor-car together with the ignition key and luggage compartment key which were attached were handed over to the Excise Authorities for investigating the case in respect of tobacco which was attached with liquor. The motor-car and the keys were produced by the Excise Authorities at the instance of the accused before the Magistrate. An attempt was made to open the luggage compartment of the, motorcar by using one of the keys and the trial Magistrate recorded his observations in that behalf. He has stated that the keys were produced by the Sub-Inspector of Central Excise and "with the white key the lock of the carrier was tried for thirty minutes. Oil was allowed to be put. Even then the lock, was not opened. The yellow key was then tried on the petrol tank and was opened immediately." It appears, however, from the evidence of Inspector Jambekar that the "white key was the ignition key and the yellow was the key of luggage compartment." It is true that Head-Constable Ghodabrey says, that the "white key" was the key of luggage compartment and with that key accused No. I had opened the luggage compartment. But we fail to appreciate why no attempt was made by the trial Magistrate to ascertain whether the yellow key could be used for opening the luggage compartment and whether the white key fitted the ignition switch. In view of this infirmity it is difficult to hold that the story of the finding

of the key and the attachment of liquor after opening the luggage compartment of the motor–car was untrue.

8. The case tried by the trial Magistrate was simple. There is no dispute that the police officers had attached 43 bottles of foreign liquor at the Kasheli Naka on the day in question. It was the case of the accused that these bottles of liquor were not in their possession and Sub–Inspector Deshpande made a false panchnama showing that these bottles were found in the luggage compartment of the motorcar belonging– to accused No. 3. The primary question which the trial Magistrate had to consider was about the credibility of the prosecution evidence in the light of the defence set up by the accused. **The bottles of foreign liquor attached by the police exceeded Us. 2,000 in value; the trial Magistrate had to consider whether it was reasonably possible that the police officers could procure the bottles to falsely involve the accused, or having attached them from some other person, allow that person to escape and plant them in the motor–car of the accused and then make a false panchnama. No attempt appears to have made to examine the evidence in the light of the defence set up or suggested. It was urged that one Inspector Mane of police station Bhilad was an enemy of accused No. 1. But that does not explain the conduct of Sub–Inspector Deshpande. It would indeed be difficult for Deshpande to secure this large quantity of foreign liquor, and 'even if it could be secured no rational ground is suggested why Deshpande would keep it with him on the possible chance of accused No. 1 arriving at the Kasheli Naka. The High Court has on a**

**consideration of the evidence of Sub-Inspector Deshpande, the Pmich witness Pandu Kamaliya and Head Constable Grhodabrey come to the conclusion that accused Nos.** 1, 2 **and** 5 **were guilty of possessing liquor in contravention of the provisions of the Act, and, in our view, the High Court was right in so holding.** આ તબક્કે, **In the Gujarat Prohibition** (**Liquor Samples and Determination of Quantity Seized Liquor**) **Rules**, 2012.

3. **Collection of Liquor Sample :** (1) The samples of liqour shall be collected in the following manner, namely : - (**a**) The Prohibition Officer or the Police Officer shall take two samples of 200 ml. Form a container, or in case of more than one container, form each such container containing Liquor, in the presence of two witnesses (panchas); (**b**) In the case of liquor contained in branded bottles, two bottles of each brand shall be taken batch-wise, from the boxes which contain such bottles, in the presence of two witnesses (panchas). In case of changes in the brand or batch, two bottles of liquor of each such brand shall be taken separately as sample. (2) Out of two samples referred to in sub-rule (1), one sample shall be sent to the testing officer and the another sample shall be kept in the custody of the officer who has seized the liquor, till the matter is finally decided by the court and thereafter the sample kept in the custody of the officer shall be destroyed in accordance with the procedure prescribed in this behalf.

4. **Signature, slips and writing of CRN on Sample of Liquor :** The Prohibition Officer or the Police Officer

shall take signature of the witnesses (panchas) on lables of each sample or bottle of seized liquor and on the slips to be affixed on the seals of each bottle and shall also write the Crime Register Number (CRN) of the case on labels of each such sample or bottle.

5. **Sample be sent for Analysis :** The Prohibition Officer or the Police officer who has seized the liquor shall send the sample along with the advise in Form – A, immediately without any loss of time of the Forensic Science Laboratory of the State for detailed analysis report.

6. **Testing of Liquor :** The Testing Officer shall carry out detailed analysis of the samples of the Liquor sent under Rule 5 without any delay. He shall take adequate steps and care and see that no tempering with the articles or the contents of the articles shall take place.

7. **Identity of Liquor sample in the Court :** The Prohibition Officer or the Police Officer who has seized the liquor shall prove the identity of the sample of liquor produced before the court, to be the same as was seized and also that the same sample was sent with seals intact to the Testing Officer with Form – A. ઉપરોક્ત નિ યમો ની જોગવા ઈ નું પા લન કરી તપા સ કરનાર અધિ કા રી એ આરોપી ની કસ્ટડી માંથી મેળવે મુદામાલ એફ.એસ.એલ પરીક્ષણ માટે મોકલાવવા નું થતું હોઈ, તે મેન્ડેટરી જોગવા ઈ મુજબ મુદામાલ કબજે કરેલ હોવા ની હકી કત પુરવા ર કરવા બબા તે ફરિયાદ પક્ષે આંક – ૧૭ થી રજુ થયેલ મુદામાલ કબજે કરેલ હોવા ના પંચનામા બાબતે આંક થી સ્વતંત્ર પંચ સાહેદો ને તપા સેલ છે. તે પંચ સાહેદોએ તેઓની સોગંદપર ની જુબા નીમાં માત્ર પંચનામા સિવાય અન્ય કો ઈ જગ્યાએ સહી કરેલ નથી તેવું સ્પસ્ટ પણે જણા વેલ છે. આ તબ્બકે,

ગુનાની દાખલ થયેલ ફરિયાદ ધ્યાને લેવા માં આવે તો, ફરિયાદ કોમ્પ્યુટર પર ટાઈપ થયેલ ફરિયાદ છે અને તે ફરિયાદમાં જે પંચો ની હાજરીમાં મુદામાલ કબજે કરેલ છે તે પંચો ના નામ જણાવેલ નથી. પંચો રૂબરૂ દરેક પ્લાસ્ટિકના બાચકા માંથી એકજ સેમ્પલમાં થોડું થોડું પ્રવાહી લીધેલ હોવાની હકીકત સાહેદોએ તેઓની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે. વધુમાં, દરેક સેમ્પલ પર પંચનામું કરનાર અધિકારી અને બન્ને પંચો ની સહી વાળીકાપલી મુકવાની કાર્યવાહી કરેલ નથી. અને તે બાબતે પંચો એ માત્ર પંચનામા સિવાય અન્ય કોઈ જગ્યાએ સહી કરેલ ન હોવાની હકીકત જણાવેલ છે વધુમાં, પંચોની હાજરીમાં મુદામાલ સીલ કરી એફ.એસ.એલ તરફ મોકલવાની કાર્યવાહી પણ તપાસ કરનાર અમલદાર કે ફરીયાદી દ્વારા કરવામાં આવેલ હોવા અંગે કોઈ સ્પસ્ટ હકી કત કે પુરાવો કે ખુલાસો રજુ કરલે નથી. વધુમાં, એક સેમ્પલ એફ.એસ.એલ તરફ મોકલેલ અને બીજું સેમ્પલ પોતાની કસ્ટડીમાં રાખેલ હોઈ અને કોર્ટમાં સેમ્પલ સીલ કરવાની કાર્યવાહી અને કબજે કરેલ હોવાની હકીકત પુરવાર કરવા રજુ કરેલ નથી. આમ, હાલના ગુનાના કામે દેખીતી રીતે ગુજરાત પ્રોહીબીશન (લીકર સેમ્પલ અને ડીટરમીનેશન ઓફ કોન્ટીટી સીઝેડ લીકર રૂલ ૨૦૧૨ મુજબ ની જોગવાઈ, રૂલ નં.૩ થી ૭ તમામ મેન્ડેટરી જોગવાઈ નો ભંગ કરેલ હોવાનું રેકર્ડ પર પુરવાર થયેલ છે. વધુમાં, હાલના ગુનાના કામે બચાવ પક્ષે દલીલ તથા પુરાવામાં સાહેદો ની ઉલટ તપાસમાં સ્પસ્ટતા કરતા પુરાવાઓ રજુ કરલે છે કે, પંચ નં.૧ અને ઉપરોક્ત પુરાવામાં, એહકીકત ન કારી શક્ય નહી કે, પંચો આરોપી ને સજા થાય તેમાં રસ ધરાવતા અને હિત ધરાવતા સાહેદો છે વધુમાં, તપાસ કરનાર અમલદાર દ્વારા મુદામાલ એફ.એસ.એલ તરફ મોકલવા ની કા ર્યવા હી કરવા માં આવેલ નથી, બનાવનું પંચનામું ફરીયાદી/તપાસ કરનાર અમલદાર રૂબરૂ નું હોઈ અને તેમાં લીધેલ સેમ્પલ નિયમ ૩ થી ૭ ના સ્પસ્ટ પણે ભંગ થતો હોઈ અને કબજે કરેલ મુદામાલ દારુ ના સેમ્પલ ને સીલ કરવાની અને તેમાં પંચો ની હાજરીમાં સહી વાળી કાપલી બન્ને પંચો ની મુકવાની અને સીલ કરી લેબલ કરવાની કાર્યવાહી પંચો રૂબરૂની કરવા માં આવેલ નથી તે થી પંચો જયારે આરોપીને રસ ધરાવતા અને હિત ધરાવતા સાહેદો હોઈ અને તપાસ કરનાર દ્વારા ઉપરોક્ત જોગવાઈ મુજબ મુદામાલ કબજે કરવાની કાર્યવાહી કરેલ ન હોઈ મુદામાલ

સેમ્પલ સાથે ટેમ્પરીંગ કે દારુ તરીકે નો મુદામલા હોવાની હકીકત આરોપી વિરુદ્ધ પુરવાર કરવા માટે પ્લાનટીંગ કરવામાં આવેલ હોઈ તેવી હકીકત નકારી શકાય નહી.

(૧૦) **વધુમાં,** ફરીયાદ પક્ષના કેસ અનુસાર જે પંચ સાહેદોની હાજરીમાં દારૂ કબજે કરેલ હોવાનું કથન થયેલ છે તે પંચ સાહેદોએ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ રજુ પંચનામાની વિગત સમર્થન આપેલ છે પરંતુ તેઓ, ના ભાઈ શામળાજી પો.સ્ટેશનમાં નોકરી કરતા હોઈ અને, અવાર નવાર તેઓ પોલીસ સ્ટેશન જનતા હોઈ, વધુમાં, કમાન્ડર જીપના ડ્રાઈવર કે માલિકનું તપાસના કામે નિવેદન લીધેલ નથી કે ગાડી પોલીસે તપાસના કામે કબજે પણ કરલે નથી, કે ગાડીમાં અન્ય મુસાફરોના તપાસના કામે કોઈ નિવેદન લીધેલ નથી કે, સાહેદ તરીકે ચાર્જશીટમાં દર્શાવેલ નથી. વધુમાં, સદર કામે ફરીયાદી, સાહેદ તથા ત.ક.અમલદાર ફરીયાદ હકિકત મુજબ બનાવ બનેલ હોવાની હકિકત જણાવેલ છે પરંતુ કહેવાતો મુદ્દામાલ દારૂ હોવા બાબતે કોઈ એફ.એસ.એલ કરાવેલ હોય કે કહેવાતો મુદ્દામાલ જે જગ્યાએથી મળી આવેલ હોય તે મકાન કે વાહન આરોપીની માલીકીનું હોવા બાબતે કોઈ આધાર પુરાવો આ કામે તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ નથી, તેમજ આ કામે બનાવ સ્થળે આજુ-બાજુ જાહેર માર્ગ આવેલા હોવાની હકિકત સ્વીકારેલ હોય તે સંજોગોમાં આજુબાજુ ના કોઈ માણસોને સાહેદ તરીકે દર્શાવેલ નથી. તેમજ અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ તપાસવામાં આવેલા નથી. ફરીયાદ પક્ષે તપાસેલ તમામ સાહેદો પોલીસ સાહેદો હોય તેમજ અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો ન હોય, આ તબ્બકે, **નામદાર ગુજરાત વડી અદાલત, માનસિંગ મુલુભાઈ કાઠી દરબાર વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત કેસ, સને – ૨૦૧૨ (૦) જી.એલ.ઈ.એલ – એચ.સી.૨૨૭૬૯૮,** માં નામદાર કોર્ટ દ્વારા એવું પ્રસ્થાપિત કરેલ છે કે, પંચો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી પંચનામા મુજબ રીકવરી કરેલ મુદામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરવા માટે સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો પુરાવો વિરોધાભાસ જણાતો હોય, આરોપીને શંકાનો લાભ આપી શકાય." વધુમાં, **ધી સ્ટેટ ઓફ**

**મહારાષ્ટ્ર, વિરુદ્ધ વિશ્વનાથ નામદેવ, સને – ૧૯૯૭, ક્રી.લો.જ. એમ.એચ.૪૨૨,** માં નામદાર કોર્ટ દ્વારા એવું પ્રસ્થાપિત કરેલ છે કે, ફરિયાદ પક્ષ સાબિત કરી નશક્યો હોય કે મકાન આરોપીનું હતું તેમજ મકાન આરોપીના રચનાત્મક કબ્જામાં હોય, આરોપી શંકાના લાભ માટે હક્કદાર છે. વધુમાં, **નામ. ગુજરાત હાઈ કોર્ટના ધીરજલાલ ગાંડાભાઈ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧(૧) જી.એલ.આર. ૪૩૩ ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે,** "Before a presumption can be raised thereunder, it is necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brands of spirits and also the name of its manufacture. It is clear on the record of the case that at least the condition regarding the manufacturer of the bottles in question has not fulfilled in the present case. It is, therefore, not possible to raise the presumption under the said section 116(B). There is no other evidence in the case which connects the accused with the offence in question." કારણ કે, કહેવાતો મુદ્દામાલ અંગે સીલબંધ બોટલ જે કંપનીની છે તેના કોઈ માલિક કે મેનેજરનો તપાસના કામે નિવેદન લેવામાં આવેલ નથી. વધુમાં, **નામ.ગુજરાત હાઈકોર્ટનો ક્રીમીનલ અપીલ નં – ૯૪૭/૧૯૯૩ ના કામે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ. પટેલ,** ના કેસનો ચુકાદો કે જે **જી.એચ.જે ૨૦૧૧ ભાગ ૨૬ પેજ નં.૧** ઉપર રીપોર્ટેડ થયેલ છે તે ચુકાદો ધ્યાને લીધો. જેમાં ના. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, જો મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદના હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશનનાં કેસો "**Beyond Reasonable Doubt**" પુરવાર થઈ શકે નહી. આથી ના. હોઈ કોર્ટે ટ્રાયલ કોર્ટનો ચુકાદો યોગ્ય હોવાનુ ઠરાવેલ. જે નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો પણ ફરીયાદ પક્ષના કેસના સમર્થનકારક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેવા સંજોગોમા ફરીયાદ પક્ષ આરોપી સામેનુ તહોમત પુરવાર કરવામાં

સ્પષ્ટ પણે સફળ થયેલ નથી. ત્યારે આવા સંજોગોમા પોલિસ સાહેદની જુબાની પર આધાર રાખી શકાય નહીં. વધુમાં **માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૨ જી.એલ.એચ.ઈ.એલ.–એચ.સી.– પાના નં ૨૭૬૯૮** માં કરવામાં આવેલ પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ, આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતોનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. "વધુમાં, સદર કામે તપાસેલ પંચ સાહેદોની જુબાની ધ્યાને લેતા એવી કોઈ હકીકત ફલીત થતી નથી કે, પકડાયેલ મુદ્દામાલ બોટલો ઉપર પંચો ની સહીઓ કે અંગુઠા કરાવેલી સ્લીપ લગાવેલ હોય. વધુમાં ફરીયાદીએ સ્વીકારેલ છે કે તેઓની લેખિત ફરીયાદમાં પંચોના નામનો તથા સરનામાનો ઉલ્લેખ કરેલ નથી તથા કહેવાતો મુદ્દામાલ સીલ કરવાની પ્રક્રિયા સ્થળ ઉપર કરવામાં આવેલ નથી. પરંતુ પોલીસ સ્ટેશને લઈ જઈ કરવામાં આવેલ છે વધુમાં આરોપીની સ્થળ ઉપર હાજરી અને મુદ્દામાલ ગાડી અંગેની કસ્ટડી પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. આમ, જ્યારે તપાસ કરનાર અમલદાર દ્વારા કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ ઉપર પંચોની સહીઓ કે અંગુઠાવાળી સ્લીપ ચોંટાડેલ ન હોય તેવા સંજોગોમાં **ધીરજલાલ ગાંડા ભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧ જી.એલ.આર. પાના નં.૪૩૩** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ "જ્યારે મુદ્દામાલ પંચોની સહી સાથે શીલ કરવામાં ન આવી હોય અને પંચોનો પુરાવો દારૂ મળી આવેલ હોય તેવા ફરીયાદીના પુરાવાને સમર્થન આપતો ન હોય ત્યારે પ્રોહીબીશન એકટની કલમ ૧૧૬(બી) માં જણાવેલ અનુમાન કરી શકાય નહી. વધુમાં **,ગુલાબભાઈ રણછોડભાઈ અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૨ (૨) જી.એલ.એચ. (યુ.જે.) પાના નં. ૧૧ માં પ્રસ્થાપિત** કરેલ સિધ્ધાંત મુજબ "પ્રોસીક્યુશન તરફે ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ ન હોય કે લેબલની ખરાઈ કરેલ ન હોય તો પ્રોહીબીશન એકટની કલમ – ૧૧૬ (બી) માં જણાવેલ અનુમાન થઈ શકે નહીં. **સ્ટેટ ઓફ ગુજરાત વિ. યાદવેન્દ્રસિંગ સરદાર સુરજીતસિંગ જાટ (શીખ) ૨૦૧૬ (૪) જી.એલ.આર. ૩૧૫૯** ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જે પોલીસ અધિકારીને ખાનગી

માહિતી મળેલ, તેમણે છાપો મારેલ, ફરીયાદ દાખલ કરેલ અને તપાસ પણ કરેલ હતી તેવી તપાસ દુષિત છે અને આવી દુષિત તપાસના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે **મોહનલાલ વિ. ધી સ્ટેટ ઓફ પંજાબ, ક્રિ.અપીલ નં.૧૮૮૦/૨૦૧૧ ના ચુકાદા**માં એવું ઠરાવેલ છે કે, "That a far investigation, which is but the very foundation of fair trial, necessarily postulates that the informant and the investigator must not be the same person. justice mus not only be done, but must appear to be done also. Any possibility of bias or a predetermined conclusion has to be excluded. This requirement is all the more imperative in laws carrying a reverse burden of proof. "તેમજ **સ્ટેટ વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી, એ.આઈ.આર. ૧૯૬૦ ગુજ. ૨૪** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, "Where the presence of the panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conducting the search must ordinarily be corroborated, and that if there is no such corroboration. ordinarily, a conviction should not rest solely on the uncorroborated testimony of the Police Officer who conducted the search. The corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of Panchas, is usually the evidence of one of the Panchas. At any rate the corroboration must be from a source independent of the Police Officer who made the search."

(૧૧) ક્રીમીનલ કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાતો મુજબ આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ આરોપો નિ:શંક પણે પુરવાર કરવા જોઈએ પરંતુ આ કામે ફરીયાદ પક્ષ તેમ કરવામાં સફળ થયેલ ન હોય, વધુમાં, આ

કામે, ફરીયાદી અને તપાસ કરનાર અમલદાર એકજ વ્યક્તિ હોઈ, તેવા સંજોગોમાં, નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો, **The Overruled Position: Mohan Lal v. State of Punjab** (2018) **Mohan Lal v. State of Punjab,** (2018) 17 **SCC 627 Hon'ble Supreme Court had ruled that** a fair investigation requires the informant and the investigator to be different individuals. It had held that if the complainant and the investigator are the same, it would direct a severe blow to the "accused's right to a fair trial," and the investigation would be vitiated. આમ હાથપરના ચુકાદાને લક્ષે લેતા પણ, આરોપીઓને તકસીરવાન ઠરાવવા યોગ્ય લાગતુ નથી. ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ આરોપો નિ:શંક પણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહી. આમ ઉપરોકત વિગતે કરેલ ચર્ચા મુજબ આરોપીઓને તેમના વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમતમાંથી છોડી મુકવા યોગ્ય વ્યાજબી અને ન્યાયીક જણાય છે. જેથી **મુદ્દા નંબર : (૧)** નો જવાબ નકારમાં આપી **મુદ્દા નંબર: (૨)** અન્વયે છેવટનો હુકમ નીચેની છે.

## – : : આખરી હુકમ : : –

(૧) આ કામના **આરોપી નામે : રમેશભાઈ નાથાભાઈ ડામોર,** મુળ રહે. પંચાલ, તા. મેઘરજ, જી.અરવલ્લી, હાલ રહે. મોડાસા મકાન નંબર.૦૫ પારસ સોસાયટી તા.મોડાસા જી.અરવલ્લી નાઓને બી.એન.એસ.એસ ની કલમ – ૨૭૧(૧) મુજબ ધી ગુજરાત પ્રોહી.એકટ કલમ – ૬૫(એ)(એ), મુજબના ગુન્હા માંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ પ્રોહી, મુદ્દામાલનો અપીલ સમય વીત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) બી.એન.એસ.એસ ની કલમ – ૪૮૫ ધ્યાને લેતાં આ કેસના આરોપીને આ કેસમાં અગાઉ જામીન અને બોન્ડ આપેલા છે, તે જામીન અને બોન્ડ આ ચુકાદાની તારીખથી છ માસ સુધી એવી શરતે લંબાવવામાં આવે છે કે, આ ચુકાદા વિરુધ્ધ રાજય અપીલ કરે અને નામ ડિસ્ટ્રીક્ટ કોર્ટ, નામ. હાઈકોર્ટ કે અન્ય કોઈપણ કોર્ટ નેટીસ કાઢે ત્યારે અવશ્ય હાજર રહેવું.

હુકમ આજ રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૪/૦૭/૨૦૨૬** **(આનંદ એ. દવે)**
**મુકામ : ભીલોડા** **જયુડિ જ્યુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ –**
**ભિલોડા. જીજે.૦૧૪૪૨**